# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૧૯.૦૪.૨૦૧૯

છોટાઉદેપુરની ધરતી લહેવાટ ગામના પરાક્રમી જવાન અને શૌર્યચક્રથી સન્માનિત નિલેશભાઈ રાઠવા જેવા નિડર અને સાહસી વીર રાઠવા સમાજની ભૂમિ છે. - શ્રી અમિતભાઈ શાહ

-------------

સત્તા હોય કે ન હોય ભાજપાના કાર્યકર્તાઓમાં જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી કશ્મીર ભારતથી છૂટું નહીં થાય. કશ્મીર તો ભારતનું અભિન્ન અંગ છે. - શ્રી અમિતભાઈ શાહ

-------------

ભૂતકાળમાં કોંગ્રેસની સરકારમાં ૧૩માં નાણાપંચે ગુજરાતને ૬૩,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા જ્યારે શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના પ્રધાનમંત્રી બન્યા બાદ ૧૪માં નાણાપંચમા ગુજરાતને ૩,૧૦,૯૮૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે - શ્રી અમિતભાઈ શાહ

-------------

કેન્દ્રની એનડીએ સરકારે આદિવાસી ક્ષેત્રના વિકાસ માટે વાંસની ખેતીનો દરજ્જો આપવોની સાથે, ગામડાઓમાં એકલવ્ય મોડેલ શાળાઓ, જનધન-વનધન-ગોવર્ધન જેવી અનેક યોજનાઓને અમલમાં મુકી છે

- શ્રી અમિતભાઈ શાહ

-------------

જેએનયુમાં ભારત તેરે ટુકડે હોંગે જેવા નારા લાગ્યા ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ત્યાં જઈને આવા નિવેદનોને વાણી સ્વતંત્રતા ગણાવીને દેશવિરોધી તત્વોના મનોબળને વધારવાનું કાર્ય કર્યું હતું

- શ્રી અમિતભાઈ શાહ

-------------

પાંચ-પાંચ પેઢી અને ૫૫ વર્ષ સુધી દેશમાં રાજ કરનાર કોંગ્રેસે ગરીબ-પીડિત-શોષિત ખેડૂતોના ખોબે ને ખોબે મત લઈને વર્ષો સુધી સરકારો બનાવી પરંતુ ગરીબ-પીડિત-શોષિત ખેડૂતો ઉત્થાન માટે કોઈ કાર્ય નથી કર્યું

- શ્રી અમિતભાઈ શાહ

-------------

કોંગ્રેસ મોદીના વિરોધમાં કે ભાજપના વિરોધમાં જે કહેવું હોય તે કહે પરંતુ માં ભારતીના ટુકડા કરવાની વાત જો કોંગ્રેસ કરશે તો ભાજપ ક્યારેય સહન નહીં કરે - શ્રી અમિતભાઈ શાહ

-------------

નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ કોંગ્રેસે ગુજરાતના વિકાસયજ્ઞમાં હાડકા નાખવામાં કોઈ કસર બાકી રાખી નહોતી - શ્રી અમિતભાઈ શાહ

-------------

કોંગ્રેસના જવાહરલાલ નહેરુએ શ્રી સરદાર સાહેબનો વિરોધ કર્યો, ઈન્દિરા ગાંધીએ મોરારજીભાઈભાઈ દેસાઈનો વિરોધ કર્યો અને આજે સોનિયાબેન અને રાહુલબાબા આપણા નરેન્દ્રભાઈને રોકવા કાવાદાવા કરી રહ્યા છે

- શ્રી અમિતભાઈ શાહ

-------------

આજરોજ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે છોટાઉદેપુર લોકસભામાં બોડેલી ખાતે આયોજિત જંગી જાહેર સભાને સંબોધન કર્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, લાંબા સમય બાદ તેઓને આજે માં મહાકાળીના ધામમાં આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે અને આપ સૌના આશીર્વાદ મેળવવાનો અવસર મળ્યો છે. તેથી જ માં મહાકાળીના ચરણોમાં પ્રણામ કરીને હું મારી વાતની શરૂઆત કરવા માગું છું. છોટાઉદેપુરની ધરતી લહેવાટ ગામના પરાક્રમી જવાન અને શૌર્યચક્રથી સન્માનિત નિલેશભાઈ રાઠવા જેવા નિડર અને સાહસી વીર રાઠવા સમાજની ભૂમિ છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી શાહે જણાવ્યું હતું કે, આગામી ૨૩ એપ્રિલે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી છે ત્યારે ગુજરાતની જનતા તમામ ૨૬ બેઠકો પર જંગી મતદાન કરી પ્રચંડ બહુમતી સાથે ભાજપાના ઉમેદવારોને વિજયી બનાવે તેવી વિનંતી કરવા છોટાઉદેપુરની પવિત્ર ધરતી પર આવ્યો છું.

છેલ્લા ચાર મહિનાથી હું સમગ્ર દેશની ચારેય દિશામાં વિવિધ લોકસભા ક્ષેત્રમાં પ્રવાસ કરી રહ્યો છું અને આજે ૨૪૬માં લોકસભાક્ષેત્ર છોટાઉદેપુરમાં આવ્યો છું. સમગ્ર દેશમાં ફક્ત એક જ વાત સંભળાઈ રહી છે, મોદી... મોદી.... પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે અસરકારક કાર્યપદ્ધતિથી છેલ્લા પાંચ વર્ષમાં જે જનહિતના કાર્યો કર્યા છે, ત્યારે સમગ્ર દેશની જનતાએ ૨૦૧૯માં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરી એકવાર દેશના પ્રધાનમંત્રી બનાવવાનો નિર્ણય કરી લીધો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી આપણા છે અને આપણું ગુજરાત નરેન્દ્રભાઈનું છે એટલે ગુજરાતની તો ૨૬ બેઠકો જીતાડવાની એક વિશેષ ફરજ છે.

આજે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સમગ્ર દેશમાં ફરી રહ્યા છે અને કહી રહ્યા છે કે અમે ગરીબી હટાવીશું અમે ગરીબી હટાવીશું. પાંચ-પાંચ પેઢી અને ૫૫ વર્ષ સુધી દેશમાં એક જ પરિવારે રાજ કર્યું અને ગરીબો માટે કંઈ જ ન કર્યું તેવા લોકો હવે ગરીબો માટે શું કરશે ? કોંગ્રેસે ગરીબ-પીડિત-શોષિત ખેડૂતોના ખોબે ને ખોબે મત લઈને વર્ષો સુધી સરકારો બનાવી પણ તેમના ઉત્થાન માટે વિકાસનું કોઈ કાર્ય નથી કર્યું.

બીજી તરફ છેલ્લા પાંચ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર સંપૂર્ણ રીતે દેશના ગરીબ વર્ગને સમર્પિત રહી છે. જે કાર્યો છેલ્લા સિત્તેર વર્ષમાં નથી થયા તેવા કાર્યો આ પાંચ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી બતાવ્યા છે. સાત કરોડ કરતાં વધુ ગરીબ માતાઓ-બહેનોના ઘરમાં મફત ગેસ કનેક્શન, આઠ કરોડથી વધુ શૌચાલયનું નિર્માણ કરી માતા-બહેનોનું સન્માન, અઢી કરોડ લોકોને મકાન, બે કરોડ પાંત્રીસ લાખ લોકોને વીજળીનું કનેક્શન અને દેશના ૫૦ કરોડ નાગરિકોને આવરી લેતી વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના એવી "આયુષ્માન ભારત" યોજના હેઠળ પાંચ લાખ સુધીનો ખર્ચ સરકાર ભોગવશે સહિતની અનેકવિધ યોજનાઓને અમલમાં મૂકીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના જરૂરિયાતમંદ વર્ગની ચિંતા કરી છે. આયુષ્માન ભારત યોજના હેઠળ ૨૩ લાખ ગરીબોના ઓપરેશન વિનામૂલ્યે સફળ રીતે થઈ ચૂક્યા છે.

જ્યારે-જ્યારે કોંગ્રેસની સરકાર દેશમાં રહી ત્યારે-ત્યારે કોંગ્રેસે ગુજરાતને સતત અન્યાય જ કર્યો છે. જવાહરલાલ નહેરુએ શ્રી સરદાર સાહેબનો વિરોધ કર્યો, ઈન્દિરા ગાંધીએ મોરારજીભાઈભાઈ દેસાઈનો વિરોધ કર્યો અને આજે સોનિયાબેન અને રાહુલબાબા આપણા નરેન્દ્રભાઈને રોકવા કાવાદાવા કરી રહ્યા છે. આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ કોંગ્રેસે ગુજરાતના વિકાસયજ્ઞમાં હાડકા નાખવામાં કોઈ કસર બાકી રાખી નહોતી. જો આજે શ્રી નરેન્દ્રભાઈ મોદી ન હોત તો ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના ક્યારેય પૂર્ણ થઈ શકી ન હોત અને રાજ્યના ખેડૂતોને સિંચાઈ માટે અને નાગરિકોને પીવા માટેના પાણી માટે ટળવળવું પડતું હોત.

છેલ્લા પાંચ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ગુજરાતને દેશની પ્રથમ બુલેટ ટ્રેન, દેશની સૌ પ્રથમ રેલવે યુનિવર્સિટી, ગુજરાતમાં એઈમ્સ જેવી મહત્વની ભેટ-સોગાદો આપી છે. ૩૧ શહેરોને અમૃત મિશન હેઠળ તેમજ સ્માર્ટ સિટી હેઠળ અમદાવાદ, ગાંધીનગર, દાહોદ, રાજકોટ, સુરત અને વડોદરાને આવરી લેવામાં આવ્યા છે. મેટ્રો ફેઝ-૧ માટે ૧૦ હજાર કરોડ રૂપિયા અને ફેઝ-૨ માટે ૫,૨૩૫ કરોડ રૂપિયા આપવાનું કાર્ય આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

ભૂતકાળમાં કોંગ્રેસની સરકારમાં ૧૩માં નાણાપંચે ગુજરાતને ૬૩,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા જ્યારે શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના પ્રધાનમંત્રી બન્યા બાદ ૧૪માં નાણાપંચમા ગુજરાતને ૩,૧૦,૯૮૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિવાસીઓના વિકાસનું કાર્ય કર્યું હતું અને આજે દેશના પ્રધાનમંત્રી તરીકે વનબંધુ કલ્યાણ યોજનાને સમગ્ર દેશમાં સફળતાપૂર્વક લાગુ કરવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. ડિસ્ટ્રીક મિનરલ ફંડના માધ્યમથી ખનીજોમાંથી મળતી રોયલ્ટી આદિવાસી ક્ષેત્રના ઉત્થાન માટે ઉપયોગમાં લેવાય તેના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત આદિવાસી ક્ષેત્રના વિકાસ માટે વાંસની ખેતીનો દરજ્જો આપવો, ગામડાઓમાં એકલવ્ય મોડેલ શાળાઓ, જનધન-વનધન-ગોવર્ધન યોજનાને અમલમાં મુકવામાં આવી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી શાહે જણાવ્યુ હતુ કે, ૨૦૦૪ થી ૨૦૧૪ દરમિયાનના કોંગ્રેસના શાસનમાં આલીયા-માલીયા-જમાલિયા દેશમાં આવીને આતંકવાદી હુમલાને અંજામ આપીને દેશના નિર્દોષ નાગરિકોને હણી નાખતા હતા, પરંતુ કોંગ્રેસની સરકારો ભ્રષ્ટાચાર કરવામાં વ્યસ્ત હતી. આતંકવાદી ઘટનાઓનો જવાબ આપવાની ફુરસદ કોંગ્રેસની સરકાર પાસે ન હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપા સરકારની નીતિ સ્પષ્ટ છે જો પાકિસ્તાન તરફથી ગોળી આવશે તો ભારત તરફથી તોપનો ગોળો જશે, આતંકવાદીઓ દેશ પર આંખ ઊંચી કરીને પણ જોશે તો ઇંટનો જવાબ પથ્થરથી મળશે, કોંગ્રેસને આતંકીઓ અને પાકિસ્તાન સાથે ઈલું-ઈલું કરવું હોય તો કરે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણાયક નેતૃત્વએ પુલવામામાં થયેલી શરમજનક ઘટના બાદ સૈન્યને સંપૂર્ણ છૂટ આપી અને ભારતીય વાયુ સેનાના વીર જવાનોએ પાકિસ્તાનમાં જઈને બાલાકોટ સ્થિત જૈસ-એ-મોહમ્મદના આતંકી કેમ્પના ફૂરચે-ફૂરચા ઉડાવી દીધા. આતંકીઓને જડબાતોડ જવાબ આપ્યા બાદ સમગ્ર દેશમાં ઉત્સવનો માહોલ હતો અને એક સંતોષની લાગણી હતી, દેશની જનતા ફટાકડા ફોડીને અને મીઠાઈઓ વહેંચીને ખુશીની લાગણી વ્યક્ત કરી રહી હતી. એર સ્ટ્રાઈક બાદ પાકિસ્તાન અને કોંગ્રેસ એમ બે જગ્યાએ માતમનો માહોલ હતો. આતંકવાદીઓ મરે તો કોંગ્રેસના પેટમાં કેમ દુખે છે ? આજે અમેરિકા અને ઈઝરાયેલ પછી ભારત વિશ્વનો ત્રીજો દેશ બન્યો છે કે જે દુશ્મનોને તેની ધરતી પર જઈને પરાસ્ત કરે છે.

કોંગ્રેસના સાથી પક્ષના નેતા ઓમર અબ્દુલ્લાના દેશમાં બે વડાપ્રધાન હોવાની વાત કરે છે. શું રાહુલબાબા ઓમર અબ્દુલ્લાના નિવેદનથી સહમત છે ? સત્તા હોય કે ન હોય ભાજપાના કાર્યકર્તાઓમાં જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી કશ્મીર ભારતથી છૂટું નહીં થાય. કશ્મીર તો ભારતનું અભિન્ન અંગ છે.

ભાજપા તેના સંકલ્પ પત્રમાં ૩૭૦ની કલમ હટાવવાની વાત કરે છે તો કોંગ્રેસ દેશદ્રોહની કલમ હટાવવાની વાત કરીને દેશની એકતા અને અખંડિતતા સાથે ચેડા કરવાનું કામ કરે છે. જેએનયુમાં ભારત તેરે ટુકડે હોંગે જેવા નારા લાગ્યા ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ત્યાં જઈને આવા નિવેદનોને વાણી સ્વતંત્રતા ગણાવીને દેશવિરોધી તત્વોના મનોબળને વધારવાનું કાર્ય કર્યું હતું. કોંગ્રેસ મોદીના વિરોધમાં કે ભાજપના વિરોધમાં જે કહેવું હોય તે કહે પરંતુ માં ભારતીના ટુકડા કરવાની વાત જો કોંગ્રેસ કરશે તો ભાજપ સહન નહીં કરે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વિવિધ ભાગોમાં ઘૂસેલા ઘૂસણખોરોને દેશની બહાર કાઢવા માટે એન.આર.સી. લાવ્યા તો કોંગ્રેસે તેનો વિરોધ કર્યો. કોંગ્રેસને દેશના નાગરિકોના માનવઅધિકારોની ચિંતા નથી પરંતુ ઘૂસણખોરોના માનવઅધિકારોની ચિંતા છે. આગામી સમયમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતથી આસામ સુધી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ઘૂસણખોરોને દેશની બહાર કાઢવાનું કાર્ય કરશે. દેશની સલામતી-સુરક્ષા-અખંડિતતા એ ભાજપા માટે પ્રાથમિકતા છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, ભાજપા હંમેશા ગુજરાતના ગૌરવ માટે લડાઈ લડે છે. આજે ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ગૌરવને સમગ્ર વિશ્વમાં પ્રસ્થાપિત કર્યું છે અને સમગ્ર વિશ્વમાં ગુજરાતનો ડંકો વગાડ્યો છે.

શ્રી શાહે અંતમાં છોટાઉદેપુર લોકસભાના ભાજપના ઉમેદવાર ગીતાબેન રાઠવા ને કમળના નિશાન પર બટન દબાવીને પ્રચંડ બહુમતિ સાથે વિજય બનાવવા માટે ઉપસ્થિત જનમેદનીને હાકલ કરી હતી અને ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો ભર ભાજપા નો ભવ્ય વિજય થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને વિજયના સંકલ્પની મુઠી વાળી હાથ ઊંચા કરી ''ભારત માતાકી જય''ના નાદ સાથે પોતાના ઉદ્‌બોધનને વિરામ આપ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, છોટાઉદેપુરથી ભાજપાના ઉમેદવાર શ્રીમતિ ગીતાબેન રાઠવા, મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર, સાંસદ શ્રી રામસિંહ રાઠવા, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, લોકસભા પ્રભારી-સહપ્રભારી, જિલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સામાજિક આગેવાનશ્રીઓ તેમજ વિશાળ સંખ્યામાં ભાજપાના કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**

પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૧૯.૦૪.૨૦૧૯

-------------

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી તારીખ ૨૧ એપ્રિલના રોજ**
**સવારે ૦૯.૦૦ કલાકે <u>પાટણ</u> ખાતે જંગી જાહેરસભાને સંબોધશે.**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના જીવનમંત્ર સાથે ૧૩૦ કરોડની જનતા વચ્ચે જઇ રહ્યા છે ત્યારે ભારતભરમાં જનતાજનાર્દન દ્વારા તેમને અથાગ પ્રેમ અને સમર્થન મળી રહ્યું છે.**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ હતુ કે, ગુજરાતના પનોતા પુત્ર માનનીય **પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી તારીખ ૨૧ એપ્રિલે** પાટણ ખાતે જંગી જાહેર સભાઓને સંબોધશે.

વર્તમાન લોકસભા ચૂંટણી અન્વયે પ્રથમ અને બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયુ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી એક ભારત શ્રેષ્ઠ ભારતના જીવનમંત્ર સાથે ૧૩૦ કરોડની જનતા વચ્ચે જઇ રહ્યા છે ત્યારે ભારતભરમાં જનતાજનાર્દન દ્વારા તેમને અથાગ પ્રેમ અને સમર્થન મળી રહ્યું છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની એનડીએ સરકારે પોતાના શાસન દરમ્યાન હાથ ધરાયેલા જનકલ્યાણકારી અને લોકહિતના કાર્યોના પરિણામ સ્વરૂપે સમગ્ર ભારતભરમાં ઐતિહાસિક અને પ્રચંડ જનાદેશ મળશે તે નિશ્ચિત છે.

ગુજરાતના પનોતાપુત્ર અને વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરી એકવાર દેશનું સુકાન સોંપવા માટે સમગ્ર દેશ અને ગુજરાતની જનતામાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૧.૦૪.૨૦૧૮ રવિવાર | સવારે ૦૯.૦૦ કલાકે | પાટણ લોકસભા - જાહેરસભા |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૧૯.૦૪.૨૦૧૯

-------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને શ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનના કારણે સમગ્ર ભારતમાં પ્રચંડ જનસમર્થન મળી રહ્યું છે. - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઇ શાહની ચાણક્ય નીતિ અને દૂરદર્શીતાના કારણે સમગ્ર દેશભરમાં કોંગ્રેસને ધૂળ ચાટતી કરી દીધી છે. - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**માત્ર ભાજપામાં એક સામાન્ય કાર્યકર્તા પણ દેશના વડાપ્રધાનપદ અને રાષ્ટ્રીય અધ્યક્ષપદ જેવા ટોચના સ્થાનો સુધી પહોંચી શકે છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**કોંગ્રેસની પ્રાંતવાદ, જાતિવાદ અને તૃષ્ટીકરણની નીતિ સામે ભાજપાની રાષ્ટ્રવાદ અને એક ભારત શ્રેષ્ઠ ભારત માટેની આ લડાઇ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**સમગ્ર ગુજરાતભરમાં અને દેશભરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને અમિતભાઇ શાહની જાહેરસભાઓ યોજાઇ રહી છે, ત્યારે જન જનમાં અદમ્ય ઉર્જા અને ઉત્સાહ જોવા મળે છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

આજરોજ છોટાઉદેપુર લોકસભા અંતર્ગત બોડેલી ખાતે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની જાહેરસભામાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી ઉપસ્થિત રહ્યાં હતા.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના સંબોધન પૂર્વે સ્વાગત પ્રવચન કરતાં શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને શ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનના કારણે સમગ્ર ભારતમાં પ્રચંડ જનસમર્થન મળી રહ્યું છે. ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઇ શાહની ચાણક્ય નીતિ અને દૂરદર્શીતાના કારણે સમગ્ર દેશભરમાં કોંગ્રેસને ધૂળ ચાટતી કરી દીધી છે. કોંગ્રેસને ૪૦૦ માંથી ૪૦ બેઠકો ઉપર લાવીને નામશેષ કરી દીધી છે. લોકસભાની આ ચૂંટણી બાદ કોંગ્રેસ એક પ્રાદેશીક પક્ષ બની રહેશે, તે બાબત નિશ્ચિત છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં રાષ્ટ્રીય નેતૃત્વ વંશ પરંપરાગત રીતે સોંપવામાં આવે છે. પહેલાં જવાહરલાલ નહેરૂ બાદમાં ઈન્દિરા ગાંધી ત્યારબાદ રાજીવ ગાંધી, સોનીયા ગાંધી, રાહુલ ગાંધી અને હવે પ્રિયંકા ગાંધી જેવા વારસાઇવાળા લોકો જ કોંગ્રેસનું શિર્ષસ્થ નેતૃત્વ સંભાળે છે. કોંગ્રેસમાં આંતરીક લોકશાહીનો સદંતર અભાવ જોવા મળે છે. જ્યારે માત્ર ભાજપામાં એક સામાન્ય કાર્યકર્તા પણ દેશના વડાપ્રધાનપદ અને રાષ્ટ્રીય અધ્યક્ષપદ જેવા ટોચના સ્થાનો સુધી પહોંચી શકે છે. શ્રી અમિતભાઇ શાહ પછી ભાજપામાં કોણ રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે તે કોઇ કહી શકતુ નથી જ્યારે કોંગ્રેસમાં તે સ્વયંસ્પષ્ટ હોય છે.

કોંગ્રેસની પ્રાંતવાદ, જાતિવાદ અને તૃષ્ટીકરણની નીતિ સામે ભાજપાની રાષ્ટ્રવાદ અને એક ભારત શ્રેષ્ઠ ભારત માટેની આ લડાઇ છે. કોંગ્રેસ હંમેશા જુઠ્ઠાણા ફેલાવીને પ્રજાને ગુમરાહ કરી, વોટબેંકની રાજનીતિ કરતી આવી છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતભરમાં અને દેશભરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને અમિતભાઇ શાહની જાહેર સભાઓ યોજાઇ રહી છે ત્યારે જનજનમાં અદમ્ય ઉર્જા અને ઉત્સાહ જોવા મળે છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહની સભાઓમાં જે રીતે પ્રચંડ જનોત્સાહ જોવા મળે છે, તેનાથી કોંગ્રેસ ખળભળી ગઇ છે.

અંતમાં શ્રી વાઘાણીએ ઉપસ્થિત જનમેદનીને જણાવ્યું હતુ કે, ભારતની પ્રગતિ-સમૃધ્ધી અને સુરક્ષાને લક્ષ્યમાં લઈને છોટાઉદેપુરથી શ્રી ગીતાબેન રાઠવાને વિજયી બનાવી આપણે સૌએ શ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથ મજબૂત કરવાના છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૧૯.૦૪.૨૦૧૯

-------------

**ગુજરાતના મુખ્યમંત્રી કાળ દરમ્યાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૫માં દેશના ઈતિહાસમાં સૌપ્રથમ વખત આદિવાસીઓને વસ્તીના અનુપાતમાં બજેટ ફાળવીને બંધારણીય અધિકાર અપાવ્યો હતો - શ્રી અમિતભાઈ શાહ**

-------------

**શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બનવાની સાથે ગુજરાતમાં આદિવાસીઓના કલ્યાણમાં મહત્વનો ભાગ ભજવનાર એવી વનબંધુ કલ્યાણ યોજનાને સમગ્ર દેશમાં લાગુ કરી ૮૦ હજાર કરોડ રૂપિયા આદિવાસીઓના કલ્યાણ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ફાળવેલ છે - શ્રી અમિતભાઈ શાહ**

-------------

**એક તરફ ૫૫ વર્ષના કોંગ્રેસના શાસનમાં આદિવાસીઓને જેટલા જંગલના પટ્ટા આપવામાં આવ્યા તેના કરતાં ચાર ગણા જંગલના પટ્ટા શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે છેલ્લા ૫૫ મહિનામાં આપ્યા છે. ભાજપાની સરકાર આદિવાસીઓના કલ્યાણ માટે કટિબદ્ધ છે - શ્રી અમિતભાઈ શાહ**

-------------

**ભાજપાની સરકારે દેશભરના આદિવાસીઓના કલ્યાણ માટે ડિસ્ટ્રીક મિનરલ ફંડ હેઠળ ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ વાપરી છે - શ્રી અમિતભાઈ શાહ**

-------------

**આજની પરિસ્થિતિમાં દેશની સુરક્ષા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું સક્ષમ અને નિર્ણાયક નેતૃત્વ અતિઆવશ્યક છે.**

-------------

**કોંગ્રેસના મિત્રો સાંભળી લો આ મૌનીબાબા મનમોહનસિંહની સરકાર નથી આ છપ્પનની છાતીવાળા શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભાજપાની સરકાર આતંકવાદીઓને વીણી-વીણીને સાફ કરવા માટે પ્રતિબદ્ધ છે - શ્રી અમિતભાઈ શાહ**

-------------

**આઝાદી પછી દેશનો ગરીબ જે પાયાની સવલતોથી વંચિત હતો તે તમામ પાયાની સવલતો જેમ કે, વીજળી, રાંધણગેસ, શૌચાલય અને આરોગ્યને લગતી તમામ સુવિધાઓ દેશના ગરીબ સુધી પહોંચાડવામાં આવી છે - શ્રી અમિતભાઈ શાહ**

-------------

**યુવાઓને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવા માટે મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા જેવી યોજનાઓને અમલમાં મૂકવામાં આવી છે. - શ્રી અમિતભાઈ શાહ**

-------------

આજરોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે વલસાડ લોકસભાના ધરમપુર તાલુકામાં આવતા માલણપાડા ખાતે આયોજિત એક વિશાળ જનસભાને સંબોધન કર્યુ હતું.

શ્રી અમિતભાઈ શાહે વિજયના સંકલ્પની મુઠ્ઠીવાળીને હાથ ઊંચા કરી "ભારત માતા કી જય"ના જયઘોષ સાથે પોતાનું સંબોધન શરૂ કર્યું હતું. આઝાદી પછી દેશમાં પરંપરા રહી છે કે, જે વલસાડ જીતે તે પક્ષ દેશમાં સરકાર બનાવે છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, સમગ્ર દેશનો માહોલ જોતા સ્પષ્ટ છે કે, ૨૦૧૯ની આ લોકસભાની ચૂંટણીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર ફરી એકવાર બનવાનું નિશ્ચિત છે પરંતુ જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના હોય ત્યારે આપણી સૌની એક સવિશેષ ફરજ બને છે ત્યારે આપણે સૌ ગુજરાતની તમામ બેઠકો આપણા ગુજરાતના પનોતા પુત્ર એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીને અર્પણ કરીએ.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આદિવાસી કલ્યાણ અસરકારક રીતે કેવી રીતે કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ તેમના નેતૃત્વમાં ગુજરાતે સમગ્ર દેશને પૂરું પાડયું હતું. ગુજરાતના મુખ્યમંત્રી કાળ દરમ્યાન શ્રી મોદીજીએ ૨૦૦૫માં દેશના ઈતિહાસમાં સૌપ્રથમ વખત આદિવાસીઓને વસ્તીના અનુપાતમાં બજેટ ફાળવીને બંધારણીય અધિકાર અપાવ્યો હતો. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હી ગયા બાદ ગુજરાતમાં આદિવાસીઓના કલ્યાણમાં મહત્વનો ભાગ ભજવનાર એવી વનબંધુ કલ્યાણ યોજનાને સમગ્ર દેશમાં લાગુ કરી હતી અને તેના પરિણામ સ્વરૂપ દેશભરના આદિવાસીઓને તેનો લાભ મળ્યો. ભાજપાની સરકારે ૮૦ હજાર કરોડ રૂપિયા આદિવાસીઓના કલ્યાણ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ફાળવેલ છે.

એક તરફ ૫૫ વર્ષના કોંગ્રેસના શાસનમાં આદિવાસીઓને જેટલા જંગલના પટ્ટા આપવામાં આવ્યા તેના કરતાં ચાર ગણા જંગલના પટ્ટા શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે છેલ્લા ૫૫ મહિનામાં આપ્યા છે. ભાજપાની સરકાર આદિવાસીઓના કલ્યાણ માટે કટિબદ્ધ છે. ડિસ્ટ્રીક મિનરલ ફંડ હેઠળ ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ભાજપાની સરકારે દેશભરના આદિવાસીઓના કલ્યાણ માટે વાપરી છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, આજે હું શ્રી મોરારજીભાઈ દેસાઈની ધરતી વલસાડમાં આવ્યો છું ત્યારે મારે કહેવું છે કે, ભૂતકાળમાં ઈન્દિરા ગાંધીએ મોરારજીભાઈ દેસાઈ સાથે ખૂબ અન્યાય કર્યો છે. સરદાર સાહેબ હોય કે મોરારજીભાઈ દેસાઈ હોય ગુજરાતને અન્યાય કરવો એ કોંગ્રેસની પરંપરા રહી છે. ગુજરાતની જીવાદોરી એવી નર્મદા પરના સરદાર પટેલ ડેમની કામગીરી કોંગ્રેસે ૫૦-૫૦ જેટલા વર્ષો સુધી ખોરંભે ચઢાવેલી રાખી હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા બનાવીને દુનિયાના લોકો આશ્ચર્યચકિત થઇ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. જે સરદાર વલ્લભભાઈ પટેલના પરાક્રમોની અવગણના કરી અને અન્યાય કર્યો તેવા સરદાર સાહેબના જીવનકવનને નિહાળવા દેશ-વિદેશના લોકો **સ્ટેચ્યુ ઓફ યુનિટી** ખાતે પધારે છે ત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી સરદાર સાહેબને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ પાઠવી છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, ભારતીય સેના પાકિસ્તાન અને આતંકવાદીઓને સણસણતો જવાબ આપે ત્યારે કોંગ્રેસમાં માતમ કેમ છવાઈ જાય છે? કોંગ્રેસના મોટા-મોટા નેતાઓ આતંકીઓને છાવરનારા નિવેદન આપે છે.

કોંગ્રેસના મિત્રો સાંભળી લો આ મૌનીબાબા મનમોહનસિંહની સરકાર નથી આ છપ્પનની છાતીવાળા શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભાજપાની સરકાર આતંકવાદીઓની વીણીને સાફ કરવા માટે પ્રતિબદ્ધ છે. આજની પરિસ્થિતિમાં દેશની સુરક્ષા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું સક્ષમ અને નિર્ણાયક નેતૃત્વ અતિઆવશ્યક છે.

છેલ્લા પાંચ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા અનેક પ્રજાલક્ષી યોજનાઓ દ્વારા દેશના ગરીબ અને મધ્યમ વર્ગને સક્ષમ અને મજબુત કરવાનું કાર્ય કરવામાં આવ્યું છે. યુવાઓને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવા માટે મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા જેવી યોજનાઓને અમલમાં મૂકવામાં આવી છે. આઝાદી પછી દેશનો ગરીબ જે પાયાની સવલતોથી વંચિત હતો તે તમામ પાયાની સવલતો જેમ કે, વીજળી, રાંધણગેસ, શૌચાલય અને આરોગ્યને લગતી તમામ સુવિધાઓ દેશના ગરીબ સુધી પહોંચાડવામાં આવી છે.

શ્રી અમિતભાઈ શાહે ઉપસ્થિતિ જનમેદનીને **"ફિર એક બાર, મોદી સરકાર"** બનાવવાનો સંકલ્પ લેવડાવી વલસાડ લોકસભાના ભાજપના ઉમેદવાર ડોક્ટર કે.સી.પટેલ સહિત ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાના ઉમેદવારોને ભારે બહુમતીથી જીતાડવા માટે હાકલ કરી હતી.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, મંત્રી શ્રી રમણભાઈ પાટકર, પ્રદેશ અગ્રણીશ્રીઓ વલસાડ લોકસભા ભાજપા ઉમેદવારશ્રી ડૉ. કે.સી.પટેલ, પુર્વ મંત્રીશ્રી મંગુભાઇ પટેલ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા ભાજપા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સામાજિક આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૫ તા. ૧૯.૦૪.૨૦૧૯

-------------

**કોંગ્રેસ પાર્ટી ગોબલ્સ પાર્ટી છે અને કપિલ સિબ્બલ ગોબલ્સ મેન છે - જુઠ્ઠી પાર્ટીના જુઠ્ઠા નેતા છે.**
**- શ્રી ભરતભાઈ પંડ્યા**

-------------

**લોકસભાની ચૂંટણીના યોજાયેલ બે તબક્કામાં દેશમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ તરફી લોકજુવાળ જોવા મળે છે ત્યારે ગુજરાતને ટાર્ગેટ કરવા ગુજરાતમાં આવીને જૂનું જુઠ્ઠાણું ફેલાવવાનો કુપ્રયાસ કરે છે- શ્રી ભરતભાઈ પંડ્યા**

-------------

**આ એ જ કપિલ સિબ્બલ છે કે, જેમણે ઇ.વી.એમ.ના પુરાવા માંગ્યા, એર સ્ટ્રાઇક વખતે સૈનિકો પાસે પુરાવાઓ માંગ્યા, ભગવાન શ્રી રામના પુરાવાઓ માંગ્યા હતા - શ્રી ભરતભાઈ પંડ્યા**

-------------

**કોંગ્રેસે લોકશાહીનું, સૈનિકોનું અને દેશના કરોડો હિન્દુઓની આસ્થા, શ્રધ્ધાનું અપમાન કર્યું છે - શ્રી ભરતભાઈ પંડ્યા**

-------------

**"શ્રી કમલમ્" એક પાર્ટીનું હેડ ક્વાર્ટર છે, અહીં સેંકડો લોકોની અવરજવર હોય છે. જેની સાથે પાર્ટીને કોઇ લેવા-દેવા નથી તેવી અજાણી વ્યક્તિને બહારની ઘટના સાથે સાંકળીને કોંગ્રેસે પૂર્વ યોજીત ફેઇક વિડીયો બનાવીને ભાજપાને બદનામ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે. - શ્રી ભરતભાઈ પંડ્યા**

-------------

**સુરેન્દ્રનગર ખાતે બનેલ હાર્દિક સાથેની ઘટના સાથે કોઈ લેવા-દેવા નથી. ભાજપા ક્યારેય કોઈપણ પ્રકારની હિંસામાં માનતુ નથી કે સમર્થન કરતું નથી. લોકશાહીમાં આ પ્રકારની ઘટના ન બનવી જોઈએ. અમે આ ઘટનાને વખોડી કાઢીએ છીએ.**

-------------

**હાર્દિકે પોતાનો રાજકીય રોટલો શેકવા સમાજ-સમાજ વચ્ચે વેર-ઝેર, વર્ગવિગ્રહ અને અશાંતિ ફેલાવવાના જે પ્રયાસો કર્યા હતા તે ગુજરાતની જનતા સૂપેરે જાણે છે. હાર્દિકે પોતાના સાથીદારો અને સમાજના આગેવાનોની અવગણના અને અપમાન સાથે વિશ્વાસઘાત કર્યો છે, એટલે કેટલીક વાર પોતાના જ વાણી-વર્તન-વ્યવહાર અને કૃત્યને લીધે લોકોના રોષનો ભોગ બનવું પડે છે ત્યારે તેનો ટોપલો કોંગ્રેસ ભાજપા ઉપર નાંખવાનો પ્રયાસ કરે છે તે યોગ્ય નથી.**

-------------

**જેમની ઈચ્છાશક્તિ, કાર્યશક્તિ અને નિર્ણયશક્તિમાં હિંમત અને એક્શન હોય તેને છપ્પનની છાતી કહેવાય, કોંગ્રેસ બુધ્ધિ વગરના તર્ક-કુતર્ક કરીને દેશના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું અપમાન કરી કરોડો દેશવાસીઓનું અપમાન કરી રહી છે – શ્રી ભરત પંડ્યા**

-------------

પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઇ પંડ્યાએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ગોબલ્સ પાર્ટી છે, અને કપિલ સિબ્બલ ગોબલ્સમેન છે, જુઠ્ઠી પાર્ટીના જુઠ્ઠા નેતા છે. પહેલાં વિદેશમાં જઇને ઇ.વી.એમ. સામે જુઠ્ઠા આક્ષેપ કરી ભારતની લોકશાહી-લોકતાંત્રીક વ્યવસ્થાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. દિલ્હીમાં ફેક વિડીયો દ્વારા ભાજપાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો.

હવે, લોકસભાની ચૂંટણીના યોજાયેલ બે તબક્કામાં દેશમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભાજપ તરફી લોકજુવાળ જોવા મળે છે ત્યારે ફરી ગુજરાતમાં આવીને જૂનું જુઠ્ઠાણું ફેલાવવાનો કુપ્રયાસ કરે છે. પહેલાં પણ કપિલ સિબ્બલના જુઠ્ઠાણાને જનતા અને મિડીયાએ કોઇ સ્થાન આપ્યું નથી અને જનતા પણ તેમને કોઇ ગંભીરતાથી લેતુ નથી. કોંગ્રેસ પાસે ડર્ટી

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




ટ્રીક ડિપાર્ટમેન્ટ છે, જે આવી ડર્ટી ટ્રીક કર્યા કરે છે. પરંતુ જનતા કોંગ્રેસના ચાલ, ચરિત્ર ઓળખે છે. આ એ જ કપિલ સિબ્બલ છે કે, જેમણે દેશની લોકતાંત્રીક વ્યવસ્થાને બદનામ કરવા ઈ.વી.એમ.ના પુરાવા માંગ્યા, સર્જીકલ અને એર સ્ટ્રાઈક વખતે સૈનિકો પાસે પુરાવાઓ માંગ્યા, સુપ્રીમ કોર્ટમાં એફિડેવીટ કરીને ભગવાન શ્રીરામ કાલ્પનીક પાત્ર છે, શ્રી રામનું અસ્તિત્વ નથી તેમ કહીને ભગવાન શ્રીરામના પુરાવાઓ માંગ્યા અને ગુજરાતમાં આવીને કોઇ સમાજને ઓ.બી.સી. માં અનામત આપવાના જુઠ્ઠા ગતકડા ફેલાવીને વર્ગ વિગ્રહ ફેલાવવાનું કામ કર્યું. કોંગ્રેસના ડર્ટી ટ્રીક ડિપાર્ટમેન્ટના કન્વીનર એવા શ્રી કપિલ સિબ્બલને ગુજરાત અને દેશની જનતા ઓળખી ચૂકી છે. કોંગ્રેસે લોકશાહીનું, સૈનિકોનું અને દેશના કરોડો હિન્દુઓની આસ્થા, શ્રધ્ધાનું અપમાન કર્યું છે.

**"શ્રી કમલમ્"** એક રાષ્ટ્રીય પાર્ટીનું હેડ ક્વાર્ટર છે, જેથી ત્યાં લોકોની અવર જવર રહેતી હોય તે સ્વાભાવીક છે. કોઈ એક વ્યક્તિ કમલમમાં આવીને જતી રહે અને બહાર કોઇ ઘટના બને તેને કમલમ સાથે સાંકળીને ફેક વિડીયો બનાવીને ભાજપાને બદનામ કરવાનો પ્રયાસ કોંગ્રેસ માટે એ બુમરેંગ સાબીત થશે. કોંગ્રેસનું આ પૂર્વ યોજીત ભાજપાને બદનામ કરવાનું કાવતરૂ ગુજરાતની જનતા ક્યારેય સ્વિકારવાની નથી.

શ્રી ભરત પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, ભાજપાને આ સુરેન્દ્રનગર ખાતે બનેલ હાર્દિક સાથેની ઘટના કે વ્યક્તિ સાથે કોઈ લેવાદેવા નથી. ભાજપા ક્યારેય કોઈપણ પ્રકારની હિંસામાં માનતુ નથી કે સમર્થન કરતું નથી. લોકશાહીમાં આ પ્રકારની ઘટના ન બનવી જોઈએ. અમે આ ઘટનાને વખોડી કાઢીએ છીએ. આ ઘટનાની સંપૂર્ણપણે તપાસ થવી જોઇએ અને કાયદાએ કાયદાનું કામ કરવું જોઈએ.

હાર્દિકે સમાજ-સમાજ વચ્ચે વેર-ઝેર, વર્ગવિગ્રહ અને અશાંતિ ફેલાવવાના જે પ્રયાસો કર્યા હતા તે ગુજરાતની જનતા સૂપેરે જાણે છે. પોતાની સંસ્થા આગેવાનો અને સમાજને જે રીતે ગેરમાર્ગે દોરીને પોતાનો રાજકીય રોટલો શેકવા માટે હાર્દિકે લોકોને છેતર્યા હતા. તેણે પોતાના સાથીદારો અને સમાજના આગેવાનોની અવગણના અને અપમાન કર્યા છે. તેમની સાથે વિશ્વાસઘાત કર્યો છે, એટલે કેટલીક વાર પોતાના જ વાણી-વર્તન-વ્યવહાર અને કૃત્યને લીધે લોકોના રોષનો ભોગ બનવું પડે છે ત્યારે તેનો ટોપલો કોંગ્રેસ ભાજપા ઉપર નાંખવાનો પ્રયાસ કરે છે તે યોગ્ય નથી. મિડીયા પાસેથી જાણકારી મળ્યાં મુજબ ઘટના સાથે સંબંધીત વ્યક્તિએ પોતાના જીવનમાં બનેલ દુખ દાયક ઘટનાઓના રીએક્શનમાં આ ઘટના બની છે, તેવો ખુલાસો કર્યો છે એટલે કે, ભાજપાને આ ઘટના કોઇ લેવાદેવા નથી તેમ સાબિત થાય છે ત્યારે કોંગ્રેસ ખોટા આક્ષેપો કરવાનું બંધ કરે

ભાજપા પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યા તેમજ પ્રદેશ કન્વીનર શ્રી પ્રશાંત વાળાની ઉપસ્થિતિમાં અમદાવાદ જિલ્લા ભાજપાના પ્રમુખ શ્રી આર.સી.પટેલે જાહેર કરી હતી કે, સાણંદ તાલુકાના ૭૫૦ કરતાં પણ વધુ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય તથા જમીન વિકાસ બેંક સાણંદ તાલુકા શાખાના ડિરેક્ટર તેમજ પૂર્વ સરપંચ શ્રી કાળુભાઇ ગોહેલ તથા રેથલ સેવા સહકારી મંડળીના પ્રમુખ કોંગ્રેસ અગ્રણી શ્રી ભરતસિંહ વાઘેલા તથા શ્રી દશરથસિંહ દાનુભા સહિતને ભાજપાનો ખેસ પહેરાવીને શ્રી ભરતભાઇ પંડ્યાએ વિધિવત રીતે પ્રવેશ કરાવ્યો હતો.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ